**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ００૭.**
**સમક્ષ**
**કેસ નં. એમ.જી. II-૩૮-૨૦૧૪-૧૫**

અરજદાર: ગોહિલ ઉદેસીંહ દેવીસીંહ, રાજપુત ફળિયા,, ઘોઘંબા,જી. પંચમહાલ,

રજુઆત કરનાર: ગોહિલ ઉદેસીંહ દેવીસીંહ તથા જીતેન્દ્રભાઇ વરીયા (પડોશી)
નાયબ ઇજનેર, એમ.જી.વી.સી.એલ., ઘોઘંબા.

સામાવાળા: નાયબ ઇજનેર, એમ.જી.વી.સી.એલ., ઘોઘંબા.

રજુઆત કરનાર: કુરાવાર્સનેય, નાયબ ઇજનેર, એમ.જી.વી.સી.એલ., ઘોઘંબા.

તા. ૦૧.૦૭.૨૦૧૪ ની ફરીયાદીની ખેતી વિષયક વીજ કનેક્શન મેળવવા માટેની અરજી બાબત.

તા. ૨૫.૦૭.૨૦૧૪ ના રોજ ફરિયાદી ગેરહાજર હતા. ત્યારબાદ તા. ૦૧.૦૮.૨૦૧૪ ના રોજ બીજી મુદતે હાજર રહેલ, તેમાં ફરિયાદીની ખેતી વિષયક વીજજોડાણ મેળવવા માટેની અરજી ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ સાંભળી જેમાં ફરિયાદી તરફે શ્રી ગોહિલ ઉદેસીંહ દેવીસસીંહ તથા તેમની સાથે તેમના પાડોશી જીતેન્દ્રભાઇ વરીયા તથા સામાવાળા તરફે શ્રી કુરાવાર્સનેય, નાયબ ઇજનેર, એમ.જી.વી.સી.એલ., ઘોઘંબા પેટા-વિભાગીય કચેરી તરફથી હાજર રહ્યા હતા. બંને પક્ષકારોને સાંભળ્યા.
કેસની ટૂંકમાં વિગત નીચે મુજબ છે.

૧. અરજદારે ખેતીવાડી વીજજોડાણની અરજી તા. ૧૬.૧૨.૨૦૧૧ ના રોજ કરેલ હતી. તેમાં મ.ગુ.વી.કં.લી. દ્વારા અંદાજપત્ર આપતા અરજદારે તા. ૦૪.૦૨.૨૦૧૪ ના રોજ ભરપાઇ કરેલ. વધુમાં અરજદાર જણાવે છે કે તે અંગે જરૂરી લાઇનની કામગીરી કરેલ છે. છતાં પણ મીટર મૂકી મ.ગુ.વી.કં.લી. ઘોઘંબા દ્વારા વિજ જોડાણ આપવામાં આવતું નથી અને પત્ર દ્વારા જણાવેલ છે કે ગ્રા.નં. ૧૯૧૪૮/૦૦૬૩૯/૪ વાળા વીજ જોડાણમાં વીજબીલની કુલ રકમ રૂા. ૨૫,૬૪૭/- લેણાં પેટે બાકી નીકળે છે. તે વીજબીલ ન ભરવાથી વીજ જોડાણ આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. જે જવાબ ગ્રાહકના હક્ક અને હિત વિરૂદ્ધના છે અને ફક્ત મ.ગુ.વી.કં.લી. ઘોઘંબાને છાવરવાનો ખોટો જવાબ ફોરમ દ્વારા પત્ર નં. ૪૨૭ તા. ૦૯.૦૭.૧૪ થી આપવામાં આવેલ છે.

૨. ફરિયાદી વધુમાં જણાવે છે કે વીજબીલ બાકી હતું તો નવીન વીજ જોડાણ માટે અંદાજપત્ર કેમ આપવામાં આવેલ. તેમજ અંદાજપત્ર મુજબના નાણાં પણ જમા લીધેલ છે. અમારા બીજા વીજબીલના નાણાં પણ જમા લીધેલ છે. અમારા બીજા વીજબીલના નાણાં બાકી પડતા હોવાના કારણે નવીન વીજ

જોડાણ આપી શકાય નહિં. તેમ હોય તો ફરિયાદી પાસેથી નવીન વીજજોડાણના નાણાં કેમ ભરપાઇ કરાવ્યા ? અને અંદાજપત્રની રકમ ભરાવ્યા બાદ વીજ જોડાણ આપવાના સમયે વાંધા કાઢેલ છે. તે તદ્દન ખોટા છે. જે વીજ બીલની બાકી રકમ કાઢવામાં આવી છે તે આપે જણાવ્યું છે તે અંગેની સુનાવણી હાલોલ સબ-ડીવીઝનમાં કરવામાં આવેલ અને તેઓએ કેસ ગોધરા સર્કલ કચેરીમાં મોકલેલ હોવાનું જણાવેલ. તેમજ અમોએ વીજ ચોરી કરી નથી તેના આધાર પુરાવા પણ રજૂ કરેલ છે. તેથી તે બાબત ન્યાય નિર્ણય માટે બાકી હોઇ તેને નવીન વીજ જોડાણની માંગણી સાથે જોડી શકાય નહીં. જેથી મ.ગુ.વી.કં.લી. ઘોઘંબા સબ-ડિવિઝન દ્વારા ખેતીવાડી વીજ જોડાણ નહીં આપી ગ્રાહક તરીકે અમારી સાથે છેતરપીંડી અને ઠગાઇ કરેલી હોઇ તે અંગે સત્વરે કાર્યવાહી કરી ફરીયાદીને ગ્રાહક તરીકે હક્ક આપવા વિનંતી છે. ફરીયાદી તરફે નીચે મુજબની રજૂઆત કરેલ છે કે અમોને અમારા દુકાનની આગળના ભાગે ઉનાળાની સીઝનમાં અમારી દુકાનમાંથી અમે જાતે જ વાયર ખેંચીને વીજ વપરાશ કરતા હતા તેમ છતાં મ.ગુ.વી.કં.લી. દ્વારા અમોને ખોટી રીતે હેરાન કરવા માટે કેસ કરેલો અને તે કેસ મુજબ અમોને ખોટું અનધિકૃત જોડાણ અંગેનું બિલ રૂા. ૨૨૩૩૯/- નું સેક્શન ૧૨૬ મુજબ આપવામાં આવેલ. અમોએ તે બિલ માટે હાલોલ પેટા-વિભાગીય કચેરીએ રજૂઆત કરેલ હતી. તે રજૂઆત મુજબ બીલની રકમના ૪૫% રકમ ઓછી કરવા માટે અમોને જણાવેલ. પરંતુ અમોએ સદર બિલ સદંતર ખોટું હોવાથી માફ કરવા માટે ઉપલી કચેરીએ રજૂઆત કરવા માટે હાલોલ વિભાગીય કચેરીને જાણ કરી હતી. અને તેઓએ ફરીયાદીને જણાવ્યું હતું કે તેઓ તેમનો કેસ ગોધરા વર્તુળ કચેરીએ જરૂરી સમીક્ષા માટે મોકલી આપીશું. પરંતુ આજ દીન સુધી તેઓએ આ બિલ અંગે કોઇ પ્રત્યુતર પાઠવેલ નથી. જેથી તે બાબતને અમારા નવીન વીજ જોડાણની માંગણી સાથે જોડીને વીજજોડાણ ન આપવાનો હુકમ અન્યાયકર્તા છે અને તે અંગે અમો કસૂરવાર ન હોવા છતાં અમોને માંગેલ ખેતીવાડી વીજજોડાણ અટકાવેલ છે જે ખોટું છે અને વીજ જોડાણ આપવા વીનંતી છે.

સામેવાળા તરફે નીચે મુજબની રજૂઆત કરેલ છે.

ફરીયાદીએ નવીન વીજ જોડાણ માટે તા. ૧૬.૧૨.૧૧ ના રોજ અરજી કરેલ જેના સંદર્ભે ફરીયાદીએ અંદાજપત્રના નાણાં તા. ૦૪.૦૨.૧૪ ના રોજ ભરપાઇ કરેલ છે. અને તે માટેની જરૂરી લાઇન પણ ઉભી કરેલી છે. પરંતુ મ.ગુ.વી.કં.લી., ઘોઘંબાના રેકોર્ડ મુજબ પત્ર નં. જીજીબી/ટેક/૧૫૦૭ તા. ૧૮.૦૬.૧૪ મુજબ ફરિયાદીના નામનું ગ્રા.નં. ૧૯૧૪૮/૦૦૬૩૯/૪ વીજ જોડાણ માં તા. ૩૦.૦૫.૨૦૦૬ ના રોજ અનધિકૃત જોડાણ અંગે કલમ ૧૨૬ મુજબ રૂા. ૨૨૩૩૯/- નું બિલ આપવામાં આવેલું અને તે ભરપાઇ કરેલ નહીં. ત્યારબાદ તા. ૧૮.૦૯.૧૩ ના રોજ એરિયર્સ પેટે રૂા. ૨૫૬૪૭ + બાકી રકમનું વ્યાજ સાથે બાકી નીકળતા હોવાથી જુલાઇ-૨૦૧૧ માં મીટર કાઢી લેવામાં આવેલ અને સદર વીજ જોડાણને કાયમી ધોરણે તા. ૧૮.૦૯.૧૩ ના રોજ રદ્દ કરવામાં આવેલ. બાકી પડતાં નાણાં ન ભરપાઇ કરવાના કારણે જે તે ગ્રાહકને જીઇઆરસી ઇલે. સપ્લાય કોડ પ્રમાંણે બીજી કોઇ પણ જગ્યાએ નવું કનેક્શન કે વિજભાર ફેરફારનો લાભ આપી શકાય નહીં.

સપ્લાય કોડ "ક્લોઝ નં. ૪.૧.૧૧ માં દર્શાવ્યા મુજબ કોઇ પણ ગ્રાહકનું વીજ લેણું બાકી નીકળતું હોય અને તે અરજદાર દ્વારા તે વીજ જોડાણમાં કે અન્ય વીજ જોડાણમાં કોઇ પણ પ્રકારનો ફેરફાર જેવા કે લોડ વધારો, ઘટાડો, નામ ફેરફાર કરવો, સીફ્ટીંગ કે નવી માંગણી કરે તેવા કેસમાં આગલું લેણું વસૂલ કર્યા બાદ આગળની કાર્યવાહી કરી શકાય." આ નિયમને આધિન નવા વીજજોડાણની આગળની કાર્યવાહી અટકાવેલ છે.

ફોરમના સભ્યો દ્વારા બંને પક્ષકારોને સાંભળી સદર કેસને લગતા ઉપલબ્ધ કાગળોની ચકાસણી કરતાં માલૂમ પડેલ છે કે ફરીયાદી દ્વારા તા. ૩૦.૦૫.૨૦૦૬ ના રોજ અનધિકૃત વાણિજ્ય હેતુ વીજ જોડાણ માટેનું બિલ કલમ-૧૨૬ હેઠળ રૂા. ૨૨૩૩૯/- નું આપવામાં આવેલું અને તેઓએ ભરપાઇ ન કરતાં તે સદર વીજ જોડાણ જુલાઇ-૨૦૧૧ માં મીટર અને સર્વિસ દૂર કરેલ અને તા. ૧૮.૦૯.૧૩ ના રોજ સદર વીજ જોડાણને કાયમી ધોરણે રદ્દ કરવામાં આવેલ. જેના નાણાં આજ દિન સુધી ભરપાઇ થયેલ નથી. જેથી જીઇઆરસી રેગ્યેલેશન-૨૦૦૫ સપ્લાય કોડ કલમ નં. ૪.૧.૧૧ મુજબ કોઇ પણ જગ્યાએ જ્યાં સુધી લેણાં નાણાં ભરપાઇ ન થાય ત્યાં સુધી નવીન વીજ જોડાણ આપી શકાય નહીં. ઇલેક્ટ્રિસિટી એક્ટ-૨૦૦૩ ની કલમ ૧૨૬, ૧૩૫ ફોરમના કાર્યક્ષેત્રમાં આવતું નથી. જે અંગેની કાર્યવાહી જો બાકી હોય તો મ.ગુ.વી.કં.લી. એ કરવી અને ગ્રાહકને તેનો પ્રત્યુત્તર પાઠવવો. ફરિયાદીએ હાલ પુરતું લેણાં નાણાં ભરપાઇ કરવા જરૂરી છે કે જેથી નવા વીજ જોડાણની કાર્યવાહી કરી શકાય.

## <u>હુકમ</u>

ફરીયાદી શ્રી ઉદેસીંહ દેવીસીંહ ગોહિલ રાજપુત ફળિયા,,ઘોઘંબા, જી. પંચમહાલ ને હુકમ કરવામાં આવે છે કે એમ.જી.વી.સી.એલ.ના એ લીધેલ નિર્ણય યોગ્ય છે.

| | |
|---|---|
| (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ</u>:

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.